॥ શ્રી મહાવીરાય નમઃ ॥

# જૈન કલ્ચરલ ગ્રુપ - અમદાવાદ

વહીવટી ઓફિસ : ઉદ્યોગ ભવન, પહેલા માળે, નટરાજ સિનેમા પાછળ, આશ્રમરોડ, અમદાવાદ ● ફોન : ૨૬૫૮૫૭૫૭
Website : www.jcgamd.com

તા. ૦૯-૦૯-૨૦૨૧

## કાર્યક્રમ નં. : 3

વર્ષ ૨૦૨૧-૨૨

માનનીય સભ્ય શ્રી,
જય જીનેન્દ્ર,

નવા વર્ષ ૨૦૨૧-૨૨ની ખૂબ સુંદર શરૂઆત થઈ છે. બે કાર્યક્રમોનો આનંદ આપે માણ્યો. સહુએ આરાધનાના પર્વ પર્યુષણ દરમ્યાન યથાશક્તિ તપ અનુષ્ઠાન કર્યા હશે. વિતેલા સમય દરમ્યાન કાર્યક્રમોના સંચાલન દરમ્યાન મારા અને મારા કાર્યકર મિત્રોથી આપને કોઈપણ અસુવિધા તકલીફ પડી હોય કે કોઈપણ પ્રકારે આપનું મન દુભાયુ હોય તો અમે સહુ આપ સહુની ત્રિવિધે ક્ષમા માંગીયે છીએ અને સહુને **મિચ્છામી દુક્કડમ** પાઠવીએ છીએ.

આપ સહુને જાણ કરવાની કે સર્વ સંજોગો સામાન્ય રહેવાની અપેક્ષાએ આગામી તા. ૨૬-૦૯-૨૦૨૧ રવિવારના રોજ સંસ્થાના બંધારણ મુજબ પૂર્ણ થયેલા વર્ષ ૨૦૧૯-૨૦-૨૧ની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

## કાર્યક્રમ નં. - 3 : વાર્ષિક સામાન્ય સભા

સ્થળ : ડી. કે. પટેલ હોલ, નારણપુરા, અમદાવાદ

તારીખ અને સમય : તા. ૨૬-૦૯-૨૦૨૧ રવિવાર સાંજે ૫.૦૦ થી ૬.૦૦ ચુંટણી
સાંજે ૬.૦૦ થી ૭.૦૦ વાર્ષિક સામાન્ય સભા
સાંજે ૭.૦૦ થી ૮.૦૦ પ્રવચન – સ્વપ્નોને સાકાર કરીયે વક્તા : શ્રી નીતિનભાઈ પારેખ
પછી સંગીતના સુર નીરવ હીંગુના સ્વરમાં
સાંજે ૮.૦૦ થી ૯.૦૦ જમણવાર

**(જે સભ્યમિત્રોએ ચૌવિહાર કરવો હોય તેમણે અગાઉથી મંત્રીશ્રીને જાણ કરવી. ચૌવિહાર કરવા માટે ૬.૦૦ કલાકે આવી જવું તથા ઉકાળેલું પાણી સાથે લઈ આવવું.)**

## વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહી

**એજન્ડા :**

૧. ગત વર્ષ ૨૦૧૮-૧૯ની વાર્ષિક સામાન્ય સભાની મિનિટ્સ સભા સમક્ષ મંજૂરી અર્થે રજૂ કરવી.
૨. વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ના સંસ્થાના ઓડિટેડ હિસાબો સભા સમક્ષ મંજૂરી અર્થે રજૂ કરવા.
૩. આગામી વર્ષ ૨૦૨૧-૨૨ માટે ઓડિટરની નિમણુંક કરવી.
૪. ગત વર્ષ દરમ્યાન વાર્ષિક સામાન્ય સભાની મંજૂરીની અપેક્ષાએ કરેલા ઠરાવો સભા સમક્ષ મંજુરી અર્થે રજૂ કરવા.
૫. વર્ષ ૨૦૨૧-૨૨ માટેના પ્રમુખશ્રી અને દસ કારોબારી સભ્યોની ચુંટણી અંગેનો ચૂંટણી સમિતિનો અહેવાલ તથા તે અંગેના પરિણામો રજૂ કરવા.
૬. નવા વરાયેલા પ્રમુખશ્રી તરફથી રજૂઆત.

**ગત વર્ષ દરમ્યાન કરેલા ઠરાવો :**

૧. આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન કોવિડ મહામારીને અનુલક્ષીને ચાલુ વર્ષે યોજાનાર પ્રમુખશ્રી અને નિવૃત થતા દસ કારોબારી સભ્યોને ચુંટણી મોકુફ રાખવી અને વર્ષ ૨૦૧૯-૨૦ના વર્ષના પ્રમુખ અને ૨૦ કારોબારી સભ્યોને વર્ષ ૨૦૨૦-૨૧ માટે ચાલુ રાખવા.
૨. આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન કોવિડ મહામારીને અનુલક્ષીને ચાલુ વર્ષે વર્ષ ૨૦૧૯-૨૦ની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન શક્ય ન હોવાથી સંસ્થાના વર્ષ ૨૦૧૯-૨૦ના ઓડિટેડ હિસાબો આગામી વર્ષે યોજાનાર વાર્ષિક સામાન્ય સભામાં મંજૂર કરાવવા.

૩. આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન કોવિડ મહામારીને અનુલક્ષીને ચાલુ વર્ષે વર્ષ ૨૦૧૯–૨૦ના સભ્યમિત્રો પાસેથી રિન્યુઅલ ફી ઉઘરાવવી નહીં અને વર્ષ ૨૦૧૯–૨૦ના સભ્યમિત્રોનું સભ્યપદ વર્ષ ૨૦૨૦–૨૧ માટે ચાલુ રાખવું.

૪. આથી ઠરાવવામાં આવે છે કે વર્તમાન સંજોગોને અનુલક્ષીને મે. જે.પી. શાહ એન્ડ કું. ની નિમણુંક ચાલુ વર્ષે ચાલુ રાખવી.

૫. આથી ઠરાવવામાં આવે છે કે જૈન કલ્ચરલ ગ્રુપ–અમદાવાદના સભ્યોની હાલની વાર્ષિક સભ્યપદ રિન્યુઅલ ફી કે જે (૧) સામાન્ય કપલદીઠ રૂા. ૧૨૦૦૦/– (૨) સામાન્ય સિંગલ સભ્યદીઠ રૂા. ૬૦૦૦/– (૩) પ્રીમિયમ કપલ સભ્યદીઠ રૂા. ૧૭૦૦૦/– (૪) પ્રીમિયમ સિંગલ સભ્યદીઠ રૂા. ૮૫૦૦/– છે. તે આગામી વર્ષ ૨૦૨૧–૨૨ માટે (૧) સામાન્ય કપલદીઠ રૂા. ૧૨૦૦૦/– (૨) સામાન્ય સિંગલ સભ્યદીઠ રૂા. ૬૦૦૦/– (૩) પ્રીમિયમ કપલ સભ્યદીઠ રૂા. ૧૭૦૦૦/– (૪) પ્રીમિયમ સિંગલ સભ્યદીઠ રૂા. ૮૫૦૦/– મુજબ રાખવી.

૬. આથી ઠરાવવામાં આવે છે કે જૈન કલ્ચરલ ગ્રુપ–અમદાવાદના વર્ષ ૨૦૨૧–૨૨ માટે નવા દાખલ થનાર સભ્યોને નીયત દાખલ ફી જતી કરી ફક્ત નિયત વાર્ષિક સભ્ય ફી લઈ સંસ્થાના સામાન્ય સભ્ય તરીકે પ્રવેશ આપવો.

ખાસ નોંધ :

૧. વાર્ષિક સામાન્ય સભા નિયત સમયે જ શરૂ થશે જો સંજોગોવસાત સભા નોન–કોરમ જાહેર કરવામાં આવે તો આવી મીટીંગ નોન કોરમ જાહેર કર્યાના ૩૦ મિનિટ પછી તે જ દિવસે તે જ સ્થળે વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

૨. સંસ્થાના વર્ષ ૨૦૧૯–૨૦ અને ૨૦૨૦–૨૧ના ઓડિટેડ હિસાબોની નકલ આપને આ સાથે ચુંટણી અંગેના પરિપત્રની સાથે મોકલી આપવામાં આવેલ છે. હિસાબો અંગેની કોઈપણ જાણકારી માટે ૧૭–૦૯–૨૦૨૧ સુધીમાં સંસ્થાની ઓફિસે લેખિતમાં જાણ કરવી જેના ખુલાસા વાર્ષિક સામાન્ય સભામાં કરવામાં આવશે.

૩. વાર્ષિક સામાન્ય સભામાં સંતાનો તથા મહેમાનો આવકાર્ય નથી.

૪. વાર્ષિક સામાન્ય સભામાં ફક્ત સંસ્થાના સભ્યશ્રીઓ જ હાજર રહી શકશે. પ્રવેશ માટે આપનું ફોટો–ઓળખપત્ર સાથે રાખવું.

૫. વર્ષ ૨૦૨૧–૨૨ માટે નવા દાખલ થયેલા સભ્યમિત્રો ચૂંટણી પ્રક્રિયા તથા વાર્ષિક સામાન્ય સભામાં ભાગ લઈ શકશે નહીં પરંતુ ત્યાર પછીના કાર્યક્રમ તથા ભોજનસમારંભમાં ભાગ લઈ શકશે.

વર્ષ ૨૦૨૧–૨૨ના વર્ષ માટે, બંધારણ મુજબ નિવૃત થતા પ્રમુખ અને દસ કારોબારી સભ્યોના સ્થાને નવા પ્રમુખ તથા દસ કારોબારી સભ્યોની નિમણુંક અંગેની ચૂંટણીની પ્રક્રિયા કરવા માટે તા. ૩૦–૦૮–૨૦૨૧ના રોજ મળેલ કારોબારી સભામાં નીચે મુજબના ત્રણ સભ્યોની ચૂંટણી સમિતિની નિમણુંક કરવામાં આવેલ છે.

**૧. શ્રી વિરેન્દ્રભાઈ જે. સુતરીયા**
**૨. શ્રી મધુકરભાઈ ટી. શાહ**
**૩. શ્રી પ્રવીણભાઈ એમ. અજમેરા**

ઉપરોક્ત સમિતિ દ્વારા જારી કરવામાં આવેલ ચૂંટણી અંગેનો પરિપત્ર આ સાથે સામેલ છે.

આપના સહકારની અપેક્ષા સહ,

**જૈન કલ્ચરલ ગ્રુપ-અમદાવાદ પરિવાર વતી**
**રાકેશભાઈ આર. શાહ**
**પ્રમુખશ્રી**

| | | | |
|---|---|---|---|
| **અનિલભાઈ કે. શાહ**<br>ઉપપ્રમુખશ્રી | **નિરંજનભાઈ ટી. શાહ**<br>ઉપપ્રમુખશ્રી | **પ્રવીણભાઈ એસ. વોરા**<br>ઉપપ્રમુખશ્રી | **નિમેશભાઈ એસ. શાહ**<br>સેક્રેટરી જનરલ |
| **બૈજુભાઈ પી. શાહ**<br>મંત્રી | **રીતેશભાઈ એ. શાહ**<br>સહમંત્રી | **રાકેશભાઈ જી. શાહ**<br>ખજાનચી | **હરેશભાઈ સી. પરીખ**<br>સહ ખજાનચી |